



## વિરલ સંતવિભૂતિ

# પ્રમુખસ્વામી મહારાજ


## ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અનુગામી ગુણાતીત ગુરુપરંપરા




બ્રહ્મસ્વરૂપ
ભગતજી મહારાજ




પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ
અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી




બ્રહ્મસ્વરૂપ
શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંતસ્વામી મહારાજ

**ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।**
**જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥**

વિરલ સંતવિભૂતિ

# પ્રમુખસ્વામી મહારાજ

**પ્રકાશક**
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

**છઠ્ઠી આવૃત્તિ :** ઓક્ટોબર, ૨૦૧૭
**પ્રત :** ૧,૫૦,૦૦૦ (કુલ પ્રત : ૫,૦૦,૦૦૦)

## વિરલ સંતવિભૂતિ
# પ્રમુખસ્વામી મહારાજ

એક પવિત્ર, પરગજુ, પરમાર્થી અને પરમાત્મામય આધ્યાત્મિક મહાપુરુષ એટલે પ્રમુખસ્વામી મહારાજ. વિશ્વશાંતિ માટે સદા કટિબદ્ધ અને વિશ્વના સૌથી વધુ પ્રભાવક ધર્મગુરુઓમાં આદરણીય સ્થાન ધરાવતા પ્રમુખસ્વામીજીએ 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે અનેકવિધ સેવાઓમાં સમગ્ર જીવન સમર્પિત કર્યું છે.

ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના આ પાંચમા ગુરુદેવ અને મહાન સંતનો જન્મ એક ખેડૂત પરિવારમાં તા. ૭ ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ ગુજરાતમાં વડોદરા પાસેના ચાણસદ ગામે થયો હતો. કિશોરવયે ભગવાન શ્રી સ્વામિનારાયણની આધ્યાત્મિક પરંપરાના તૃતીય ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પવિત્ર વ્યક્તિત્વથી તેઓ આકર્ષાયા. ૧૮ વર્ષની વયે તેમણે શાસ્ત્રીજી મહારાજનાં ચરણે જીવન સમર્પિત કર્યું. દીક્ષા લઈને સન ૧૯૪૦માં તેઓ નારાયણસ્વરૂપદાસ સ્વામી બન્યા. જન્મજાત વિનમ્રતા, અહર્નિશ સેવા, સાધુતા અને લોકોના કલ્યાણની નિઃસ્વાર્થ ભાવનાથી તેઓ સૌના પ્રિય બન્યા. સન ૧૯૫૦માં માત્ર ૨૮ વર્ષની ઉંમરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ બન્યા, ત્યારથી તેઓ પ્રમુખસ્વામી મહારાજના પ્રિય નામથી લોકલાડીલા બન્યા.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અનુગામી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની છત્રછાયામાં રહીને તેમણે અનેકવિધ સેવાકાર્યો કર્યાં. સન ૧૯૭૧માં યોગીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે તેઓ લાખો ભક્તોના ગુરુપદે બિરાજ્યા.

માત્ર એક ધર્મગુરુ તરીકે જ નહીં, પરંતુ અસંખ્ય લોકોના આદર્શ પ્રેરણામૂર્તિ તરીકે અને સમાજના એક મહાન હિતચિંતક સેવક તરીકે તેઓનું વ્યક્તિત્વ આગવો પ્રભાવ પાથરતું રહ્યું. અસંખ્ય લોકોના તારણહાર સ્વામીશ્રી જીવનના નવ નવ દાયકાઓ સુધી લોકકલ્યાણ માટે નિઃસ્વાર્થભાવે પ્રચંડ પુરુષાર્થ કરતા રહ્યા. ઉચ્ચ આધ્યાત્મિક ગુણોથી સંપન્ન આ મહાન સંતે અસંખ્ય લોકોનાં જીવનમાં આધ્યાત્મિક પ્રેરણાઓ સિંચીને તેમનું જીવન-પરિવર્તન કર્યું છે.

ભેદભાવોથી પર આ વાત્સલ્યમૂર્તિ સંતે સૌ કોઈને સમતાથી ચાહ્યા. આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક-સામાજિક સંસ્થા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સૂત્રધાર સ્વામીશ્રીની અહંશૂન્ય અને પરગજુ પ્રતિભાથી પ્રભાવિત થઈને વિશ્વના અનેક ધર્મગુરુઓ અને આંતરરાષ્ટ્રીય ધુરંધરોએ તેમને એક મહાન સંતવિભૂતિ તરીકે હૃદયથી બિરદાવ્યા છે. અનેક મુમુક્ષુઓએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ આધ્યાત્મિક શિખર પ્રાપ્ત કર્યું છે અને અનેક કરી રહ્યા છે.

તેઓના આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દીના પર્વે, સૌ કોઈ પવિત્ર પ્રેરણા પામી શકે એ હેતુથી આ નાની પુસ્તિકા પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. — **સ્વામિનારાયણ અક્ષરપીઠ**

## એટલે એક એવા પરમાર્થી સંત,
## જેમણે નિઃસ્વાર્થભાવે જનહિત માટે કર્યો છે અવિરત પુરુષાર્થ...




દેહની પરવાહ છોડીને, અનેક કષ્ટો વેઠીને **પ્રમુખસ્વામી મહારાજ ૧૭,૦૦૦થી** વધુ ગામડાં-નગરોમાં જીવનભર ઘૂમ્યા છે. જ્યાં રસ્તા પણ નથી પહોંચ્યા, એવાં ગામડાંઓ ને લાખો ઘરોને તેમણે પાવન કર્યાં છે, મુશ્કેલીઓમાં સાથ ને માર્ગદર્શન આપ્યાં છે.

**સ્વામીશ્રી એટલે શાંતિ ને સુખની લહાણી કરનાર વિરલ શાંતિદૂત...**



પછાતોનાં ઝૂંપડે તારણહાર...



લાખો ઘરને કર્યાં પાવન...

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

### એટલે એક એવા કરુણામૂર્તિ સંત, જેમણે લાખો લોકોને વ્યક્તિગત મળીને પવિત્ર પ્રેરણાઓ આપી છે...



જીવનભર લોકોની પીડાઓને સાંભળીને **પ્રમુખસ્વામી મહારાજ,** રોજ સેંકડો લોકોને વ્યક્તિગત મળીને તેઓ તેમનાં સુખ-દુઃખના સાથી બન્યા; તેમને **મદદ, માર્ગદર્શન, ધીરજ, આશિષ** આપ્યાં; **સાત લાખ** જેટલા પત્રો લખીને અનેકને સાચો રાહ ચીંધ્યો. **સ્વામીશ્રી એટલે સાચા અર્થમાં સૌના નિઃસ્વાર્થ રાહબર**...



અસંખ્યની પીડાને સાંભળી...



અસંખ્યનાં હૈયે સ્મિત આપ્યું...

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

### એટલે એક એવા મહાન સર્જક, જેમણે દેશ-વિદેશમાં શ્રદ્ધા અને શાંતિનાં ધામ રચ્યાં છે...



**પ્રમુખસ્વામી મહારાજે** રચેલાં ૧,૧૦૦થી વધુ મંદિરો સત્સંગ, સેવા અને આધ્યાત્મિક મૂલ્યોનાં **ઊર્જાકેન્દ્ર** તરીકે લાખોને પવિત્ર પ્રેરણા આપે છે. દિલ્હી અને ગાંધીનગરમાં રચેલાં **સાંસ્કૃતિક પરિસર અક્ષરધામ** લાખો લોકોનાં હૈયે ભારતીય સંસ્કૃતિની સુવાસ પ્રસરાવે છે...

**સ્વામીશ્રી એટલે સીમાચિહ્ન સમાં રચનાત્મક કાર્યોના પ્રેરણામૂર્તિ...**





બી.એ.પી.એસ. મંદિર, સેલવાસ



૧,૧૦૦થી વધુ મંદિરોની પ્રતિષ્ઠા...



વિદેશોમાં ભવ્ય મંદિરો

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ



**એક એવા આધ્યાત્મિક જ્યોતિર્ધર, જેમણે ૧,૦૦૦ જેટલા સુશિક્ષિત યુવાનોને દીક્ષા આપી સંતપરંપરાને ઉજ્જ્વળ કરી છે...**

**પ્રમુખસ્વામી મહારાજે** અનેક નવયુવાનોને આધ્યાત્મિક પ્રેરણા આપીને આત્મકલ્યાણ અને લોકસેવાના પથ પર પ્રેરિત કર્યા છે. સ્વામીશ્રીના આધ્યાત્મિક જીવનથી આકર્ષાઈ સમર્પિત થનારા એ તાલીમબદ્ધ સંતો અનેક સેવાક્ષેત્રોમાં નિ:સ્વાર્થભાવે અનન્ય યોગદાન આપી રહ્યા છે. **સ્વામીશ્રી એટલે સેવા માટે સમર્પિત આદર્શ સંતસમાજના સર્જક...**





તાલીમ સાધુતા ને વિદ્વત્તાની...



જનજાગૃતિમાં સંતશક્તિ...



લોકસેવામાં સંતશક્તિ...

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

### એટલે એક એવા અજોડ પથદર્શક, જેમણે વિશ્વભરમાં બાળ-યુવા-મહિલા કેન્દ્રો સ્થાપીને અસંખ્યને સત્સંગ-અમૃત પાયાં છે...



**પ્રમુખસ્વામી મહારાજે** દેશ-વિદેશમાં કુલ **૯,૫૦૦થી** વધુ બાળ-યુવા કેન્દ્રો અને **૯,૦૦૦થી** વધુ પુરુષ-મહિલા સત્સંગ કેન્દ્રો સ્થાપીને સૌનાં જીવનમાં આધ્યાત્મિકતા અને સંસ્કારોનું સિંચન કર્યું છે, હજારો યુવાનોને રચનાત્મક માર્ગે વાળ્યા છે.

**સ્વામીશ્રી એટલે એક વિરાટ આધ્યાત્મિક સમાજના નિર્માતા...**






ઠેર ઠેર સત્સંગ કેન્દ્રો દ્વારા પ્રેરણા...




વિરલ બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિઓ...



લાખો બાળકો-યુવાનોના સ્વજન...

## એટલે એક એવા આધુનિક શિક્ષણ-પ્રદાતા, જેમણે સંસ્કારયુક્ત શિક્ષણની ગંગા વહાવી લાખો વિદ્યાર્થીઓનાં જીવન ઉજાળ્યાં છે...



**પ્રમુખસ્વામી મહારાજે ૩૧ શિક્ષણ-સંકુલો** વિકસાવીને સંસ્કાર અને શિક્ષણની પ્રાચીન પરંપરાને જીવંત કરી છે. આપત્તિગ્રસ્તો માટે **૭૫ શાળાઓનું** નવનિર્માણ, ૨૩થી વધુ શૈક્ષણિક સંકુલોમાં અનુદાન, પ્રતિવર્ષ **૫,૦૦૦થી** વધુ છાત્રોને આર્થિક સહાય વગેરે શિક્ષણ સેવા દ્વારા **સ્વામીશ્રી એટલે લાખો વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભાવિના ઘડવૈયા ...**





૩૧ વિશાળ શિક્ષણ સંકુલો




શાળાઓ દ્વારા સંસ્કાર ને શિક્ષણ



વિરલ નિવાસી ગર્લ્સ સ્કૂલો...

## એટલે એક એવા દયામૂર્તિ સંત, જેમણે અસંખ્ય લોકોના આરોગ્યના જતન માટે આરોગ્ય સેવાઓનો યજ્ઞ આદર્યો છે...



**પ્રમુખસ્વામી મહારાજે** ૭ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલો સ્થાપી છે. તે ઉપરાંત ૧૨ નિ:શુલ્ક ફરતાં દવાખાનાં દ્વારા **૪૮ લાખ** કરતાં વધુ પછાત દર્દીઓની સારવાર કરી છે. **૪૮ લાખ** સી.સી.નું વિક્રમસર્જક રક્તદાન, નિ:શુલ્ક રોગનિદાન યજ્ઞો તેમજ વિવિધ આરોગ્ય સેવાઓ દ્વારા **સ્વામીશ્રીએ સમાજના આરોગ્યનું જતન કર્યું છે...**





પછાતો માટે રોગનિદાન યજ્ઞો...



અદ્યતન હોસ્પિટલોનું નિર્માણ...




ફરતાં દવાખાનાં દ્વારા લોકસેવા...

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

**એટલે એક એવા કરુણામૂર્તિ સંત, જેમણે નિઃસ્વાર્થભાવે અનેક કુદરતી આપત્તિઓમાં સેવા કરીને લાખોને નવજીવન આપ્યું છે...**



**પ્રમુખસ્વામી મહારાજે** કુદરતી પ્રકોપથી પીડિત ગુજરાત, મહારાષ્ટ્ર, કચ્છ, ઓરિસ્સા કે નેપાળ, આફ્રિકા ને અમેરિકા સુધી રાહતસેવાઓ કરીને આપત્તિગ્રસ્તોને હૂંફ આપી નવજીવન બક્ષ્યું છે. આપત્તિગ્રસ્ત ૨૫ ગામો દત્તક લઈને, તેનું નવનિર્માણ કરી હજારોને છત્ર આપ્યું છે. **સ્વામીશ્રી એટલે પરદુઃખે દ્રવિત થઈ સેવા કરનારા પરમાર્થી સંત...**





આપત્તિગ્રસ્તોને ફરી બેઠા કર્યા...



આપત્તિગ્રસ્ત ગામોનું નવસર્જન...




આપત્તિગ્રસ્ત પ્રાંતમાં શાળાનિર્માણ...

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

**એટલે એક એવા કુશળ પ્રયોજક, જેમણે સમાજ ને સંસ્કૃતિના હિત કાજે અનેક જાગૃતિ અભિયાન આદર્યાં છે.**



૪૦ લાખ લોકોને વ્યસનમુક્તિની પ્રેરણા આપતું વ્યસનમુક્તિ આંદોલન હોય, સ્વચ્છતા કે સાક્ષરતા અભિયાન હોય, આદિવાસી ઉત્કર્ષ કે પર્યાવરણરક્ષા અભિયાન હોય, સ્વામીશ્રીએ હજારો સ્વયંસેવકો દ્વારા અનેક અભિયાનો આદરીને સમાજ ને સંસ્કૃતિના હિતનું જતન કર્યું છે.
**સ્વામીશ્રી એટલે સમાજ-જાગૃતિના વિરલ પ્રહરી...**





આદિવાસી ઉત્કર્ષ અભિયાન...



સ્વચ્છતા અભિયાન...



હજારો સમર્પિત સ્વયંસેવકો...

## એટલે એવા પ્રેરણાપુરુષ, જેમની પ્રેરણાથી બી.એ.પી.એસ. દ્વારા મહિલા-ઉત્કર્ષની જ્યોતિનાં અજવાળાં અનેકશઃ વિસ્તર્યાં છે...



**પ્રમુખસ્વામી મહારાજે** પોતાની સાધુતાની મર્યાદાને અક્ષુણ્ણ રાખીને ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રગટેલી મહિલા-ઉત્કર્ષ પ્રવૃત્તિને બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અનેકશઃ વિસ્તારી છે. તેઓની પ્રેરણાથી સંચાલિત હજારો બાલિકા-કિશોરી-યુવતી-મહિલા કેન્દ્રો દ્વારા દેશ-વિદેશમાં લાખોનાં જીવનમાં એક તેજસ્વી કાંતિ પ્રસરી છે...





વિરલ યુવતી તાલીમ શિબિરો...



સંસ્કારપ્રેરક વિરાટ બાલિકા પ્રવૃત્તિ...



અનુપમ પ્રતિભાવિકાસ પ્રવૃત્તિઓ...

**એટલે એક પરમાત્માના સાક્ષાત્કારયુક્ત ગુરુદેવ, જેમના સાંનિધ્યમાં અસંખ્યોએ પરમાત્માના આનંદની અનુભૂતિ કરી છે...**



જીવનભર કર્મઠ રહીને અહર્નિશ આવી અનેકવિધ સેવાઓમાં રત હોવા છતાં **પ્રમુખસ્વામી મહારાજ** નિરંતર ભગવાનમય રહ્યા છે. પ્રભુને અર્પણ કર્યા વિનાનું જળનું ટીપું પણ એમને ગ્રાહ્ય નહોતું. એમની મૂડી કે એમનું સર્વસ્વ ભગવાન છે. સાચે જ, **પરાભક્તિમય સ્વામીશ્રીનું હૃદય એટલે પરમાત્માનું અખંડ નિવાસસ્થાન...**





પરબ્રહ્મની સેવામાં સેવકભાવે...

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

### એટલે એક એવા ગુણાતીત સંત, અધ્યાત્મના શિખરે બિરાજતા વિરલ આધ્યાત્મિક ગુણોના ધારક મહાપુરુષ...



**પ્રમુખસ્વામી મહારાજ** એટલે ભગવદ્ગીતા કથિત સ્થિતપ્રજ્ઞ, સમદ્રષ્ટા અને ગુણાતીત સંત. સંતના શાસ્ત્ર કથિત દિવ્ય ગુણોથી અલંકૃત મહાપુરુષ. સુખ-દુઃખમાં સ્થિર, માન-અપમાનમાં ધીર, શરીરના ભાવોથી પર અને અજોડ ક્ષમાધર્મના વિરલ ધારક સંત...

**સ્વામીશ્રી એટલે સર્વોચ્ચ આધ્યાત્મિક મૂલ્યોનું મૂર્તિમંત સ્વરૂપ...**





દૈહિક પીડામાંય નિજાનંદમય...



આતંકવાદ દુર્ઘટનામાં શાંતિપ્રાર્થના...

## એટલે એક એવા અહંશૂન્ય સંત ,
## જેઓ પરમાત્માના એક અદના સેવક તરીકે જીવનભર જીવ્યા...



**પ્રમુખસ્વામી મહારાજે** સમગ્ર જીવન બીજાને કાજે સમર્પિત કર્યું હતું. નિ:સ્વાર્થ સેવાભાવે તેમણે કરેલાં અનેક આંતરરાષ્ટ્રિય કાર્યો આજેય સૌને પ્રભાવિત કરે છે. યુનોથી લઈને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ, કેનેડા અને બ્રિટિશ પાર્લામેન્ટ પર્યંત ઠેર ઠેર તેમને બિરદાવાયા છે. છતાં, **એ સિદ્ધિઓ પ્રભુને અર્પણ કરી સ્વામીશ્રી એ યશથી સદા મુક્ત રહ્યા...**





યુનોમાં વિશ્વધર્મ પરિષદ વેળાએ...



ગિનિસ રેકોર્ડ્સ દ્વારા સન્માન...

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

**એટલે એક એવા સમદ્રષ્ટા મહાપુરુષ,**
**જેમણે દુન્યવી ભેદદૃષ્ટિથી પર રહ્યું સમભાવે સૌને ચાહ્યા છે...**



ગરીબ હોય કે તવંગર, સામાન્ય મજૂર હોય કે રાષ્ટ્રના માંધાતા, અભણ ખેડૂત હોય કે પ્રખર વિદ્વાન, સવર્ણ હોય કે પછાત, પ્રમુખસ્વામી મહારાજ પાસે એ તમામ ભેદરેખાઓ સમાપ્ત થઈ જાય. તેઓ સમભાવે સૌ પર વાત્સલ્ય અને આશીર્વાદ વરસાવે. કારણ કે **સ્વામીશ્રી માનવ કે જીવપ્રાણીમાત્રમાં પરમાત્માને નીરખતા હતા...**






બ્રિટિશ રાજવી પ્રિન્સ ચાર્લ્સ સાથે



ડૉ. અબ્દુલ કલામ સાથે...



સામાન્ય સાથે પણ અસામાન્ય



શ્રી દલાઈ લામા સાથે...

## એટલે એક એવા આદરણીય મહાપુરુષ, જેમણે આબાલવૃદ્ધથી લઈને વિશ્વના અનેક મહાનુભાવોનાં હૃદયમાં આદર મેળવ્યો છે...




આજના યુગમાં સંતોષ, સહિષ્ણુતા અને નિ:સ્વાર્થ સેવાની પ્રેરણા આપતું શ્રેષ્ઠ ઉદાહરણ છે : પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ.

**- પૂજ્ય દલાઈ લામા** (બૌદ્ધ ધર્મગુરુ)




પ્રમુખસ્વામી મહારાજ જંગમ નારાયણ છે, સંતરત્ન છે. એમનું તેજસ્વી વ્યક્તિત્વ નીતિમય આદર્શ જીવનનાં દિવ્ય અજવાળાં પાથરે છે.

**- પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજ** (દિવ્યજીવન સંઘ)



બુદ્ધ અને તીર્થંકર, રામ અને કૃષ્ણ વગેરે સંતો-અવતારોએ ભારતને સંવર્ધિત કર્યું છે. આ યુગમાં ભગવાનની કૃપાથી એવા મહાપુરુષ મળ્યા છે – પ્રમુખસ્વામી મહારાજ.

**- પૂજ્ય જૈનાચાર્ય સુશીલમુનિજી**



શાસ્ત્રોની જટામાં બંધાયેલી ભારતીય સંસ્કૃતિની ગંગાને સમગ્ર વિશ્વમાં પ્રવાહિત કરનારા પ્રમુખસ્વામી મહારાજ આધુનિક યુગના નૂતન ભગીરથ છે.

**- પૂજ્ય સ્વામી વિશ્વેશતીર્થજી મહારાજ** (મધ્વાચાર્ય)



મારા પરના પ્રમુખસ્વામીજીના પ્રભાવનો સરવાળો હું કેવી રીતે માંડી શકું? સાચા અર્થમાં એમણે મારું પરિવર્તન કરી નાખ્યું છે. તેઓ મારા જીવનના આધ્યાત્મિક આરોહણની સૌથી ઊંચી અને અંતિમ મંજિલ છે.

**- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ** (પૂર્વ રાષ્ટ્રપતિ)




પ્રમુખસ્વામી મહારાજની વિનમ્રતા અને જીવપ્રાણીમાત્ર પ્રત્યેની સહાનુભૂતિ મને હૃદયમાં સ્પર્શી ગઈ છે.

**- શ્રી પ્રિન્સ ચાર્લ્સ** (બ્રિટિશ રાજકુમાર, લંડન)



પ્રમુખસ્વામી મહારાજે પોતાનું સમગ્ર જીવન શાંતિ, સંવાદિતા અને સમાજની સેવા માટે સમર્પિત કર્યું છે. મને તેમનામાંથી ઊંડી પ્રેરણા મળી છે.

**- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી**



પ્રમુખસ્વામી મહારાજની આંખો મને શુદ્ધ ભાવનાથી છલકાતી દેખાય છે. પ્રમુખસ્વામી મહારાજમાં એક એવી વ્યક્તિ મેં જોઈ છે કે જે રાગ-દ્વેષથી પર છે.

**- શ્રી બિલ ક્લિન્ટન** (પૂર્વ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ)



પ્રમુખસ્વામી આ દેશના મહાન આધ્યાત્મિક નેતા છે. હું એમને ઘણી વાર મળ્યો છું અને દરેક વખતે મને વિશેષ શાંતિનો અનુભવ થયો છે.

**- શ્રી ડૉ. ચિદમ્બરમ્** (અણુવિજ્ઞાની)

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અનુભવવાણી

- લોખંડનો સ્વભાવ ડૂબવાનો છે. પણ એ લાકડાની સાથે જડાઈ જાય તો પાણીમાં તરે છે. એમ ભગવાન અને સંત સાથે આત્મબુદ્ધિ થઈ જાય તો ભવસાગર તરી જવાય.
- જેણે આપણને આ શરીર, બુદ્ધિ, શક્તિ આપ્યાં અને જેને કારણે ભણ્યા-ગણ્યા, ડિગ્રીઓ લીધી; એન્જિનિયર, સાયન્ટિસ્ટ અને ઉદ્યોગપતિ થયા; એ ભગવાન માટે સમય ન અપાય? ભગવાને જેવું આપણને આપ્યું છે એવું બીજું કોઈ આપી શકે એમ નથી. માટે એમનો ઉપકાર ભૂલી ન જવો. નિત્ય એમની પ્રાર્થના અને પૂજા માટે સમય કાઢવો.
- બાળકો આપણા ધર્મ અને સંસ્કારો જાળવે એનું ધ્યાન પ્રત્યેક માતા-પિતાએ રાખવાનું છે. જો તમે બાળકોને સંસ્કાર નહીં આપો તો સંતતિ અને સંપત્તિ બંને ગુમાવવાનો વખત આવશે.
- કોઈ જીવને મારીને જીવન જીવવું એ જીવન નથી. હિંસા પાપ છે. તેનું ફળ દુઃખ છે. અહિંસા પુણ્ય છે. તેનું ફળ સુખ છે.
- બીજાના સુખમાં આપણું સુખ છે. બીજાના ભલામાં આપણું ભલું છે.
- પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ જ ધર્મ. દરેક કાર્યમાં ભગવાનના કર્તાપણાનું અનુસંધાન એ ભક્તિ.
- જીવનમાં સંયમ અને આત્મજ્ઞાન આવે એ જ સાચો વિકાસ. ધ્યેયમાં દૃઢતા અને વિશ્વાસ એ જ પ્રગતિ. ધ્યેયમાં શંકા અને વિલાસ એ જ અવનતિ.

ISBN: 978-81-7526-789-3
B G 5 5 3

**કિંમત : રૂા. ૫-૦૦**

(મૂળ કિંમત **રૂા. ૧૦**માંથી સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી ઘટાડેલી કિંમત)